ॐ

સહકારી મગનલાલ

અને

અસહકારી છગનલાલ

(ચાલુ જમાનાનો ચિતાર આપનાર રસિક અને બોધક વાર્તા.)

લેખક
નંદલાલ પુરૂષોત્તમ ભટ્ટ.

પ્રકાશક
જનાર્દન નરોત્તમ ભટ્ટ.
નિશાળ ફળીઆ—રાંદેર.

સંવત ૧૯૭૯ ઈ. સ. ૧૯૨૩
પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦
મુલ્ય ૦-૪-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
૧૦૮૫૬

છપાવી પ્રસિદ્ધ કર્તા:-**જનાર્દન નરોત્તમ ભટ્ટ.**
નિશાળ ફળીઆ-**રાંદેર.**

સુરત--ચૌટાના પૂલ ઉપર આવેલા "**સુરત સિટિ**" પ્રિન્ટિંગ
પ્રેસમાં **ઠાકોરદાસ માનસિંહે** છાપી.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૦૮૮૫ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय ૮-:૩

અર્પણ પત્રિકા

વિશ્વની સદ્‌વિભૂતિ સ્વરૂપ આદર્શ

તીર્થ સ્વરૂપ શિરછત્ર પુજ્ય પિતાશ્રી

નરોત્તમરામ જયશંકર ભટ્ટના

અમર આત્માને ફુલ નહિ

ને ફુલની પાંખડીરૂપે

આ લઘુ ગ્રંથ

સાદર સમર્પણ

કરૂં છું.

લી૦

આપનો

' ઝીણો '

આમુખ—

પ્રીય વાચક બંધુ.!

આપના કરકમળમાં આ લઘુગ્રંથ અર્પણ કરવા પહેલાં હું એ વિષે કાંઈક કહું તો તે અસ્થાને નહિજ ગણાય! 'રાંદેર યુવક મંડળ' તરફથી 'દિવ્ય જ્યોતિ' નામનું હસ્તલિખિત માસિક થોડાજ સમયથી બહાર પડે છે આ મંડળનો મૂળ ઉદ્દેશ યુવકોમાં બોલવાની અને લખવાની શક્તિ વધે એ માટે તેઓમાં યોગ્ય જલનું સિંચન કરી પોષણ આપવાનો છે. લખનારાઓની ઉચ્ચાભિલાષા ને ઉપરોક્ત મંડળ તરફથી યોગ્ય પોષણ મળ્યા કરે છે. મ્હેં પણ આજ માસિકમાં તૂટક તૂટક બે ત્રણ વખત વાતના ભાગો આપ્યા. મંડળના કેટલાક સભ્યો ઉપરાંત વાંચક વર્ગ તરફથી આ વાર્તા પુસ્તક રૂપે બહાર પડે તો જનસમુહમાં ઠીક પ્રકાશ પાડી શકશે એમ જણાવવાથી આ વાર્તા પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવી છે.

હું કોઈ મોટો સાક્ષર વા કવિ નથી, એટલે ભૂલો તો હોવાનીજ કદાચ હું મ્હારા વિચારો યોગ્ય રીતે દર્શાવી શક્યો ન પણ હોઉં. પરંતુ આ મારો પ્રયાસ પ્રથમનોજ છે. એટલે સુજ્ઞ વાંચકવર્ગ તરફથી ક્ષંમ્ય ગણાશે.

આ નાની રસિક વાર્તામાં એક સહકારી પુરૂષ તેની પત્ની તથા એક અસહકારી શિક્ષક કેવી રીતે અસહકારમાં માનતો કરી મૂકે છે. તેનું સંપૂર્ણ દિગ્દર્શન કરવામાં આવ્યું છે.

આ વાર્તા પ્રગટ કરવા પહેલાં મ્હને મ્હારા પરમ મિત્ર નારૂશંકર મણીશંકર ઉપાધ્યાયે આ પુસ્તકને ઉપયોગી અને આવકાર દાયક બનાવવાને જે સાહાય્ય કરી છે, એ માટે હું તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

રાંદેર. પારેખ મહોલ્લો વિજયા દશમી..	લી॰ આપનો કૃપાનો પાત્ર. **નં-મુ. ભટ્ટ.**

ॐ

સહકારી મગનલાલ

અને

અસહકારી છગનલાલ.

પ્રકરણ ૧લું.

ઉમરેઠની વણિક જ્ઞાતિમાં મગનલાલ શેઠ એક શ્રીમંત આબરૂદાર ગૃહસ્થ છે. ન્યાતિ જાતિમાં પણ એમણે....(તોડવા-માંડવા)ની અનેક સેવાઓ બજાવવાથી પટેલીયા તરીકે ગણાય છે. એના શબ્દને આબાલવૃદ્ધ સર્વે માન આપે છે. એક અનાજની દુકાન ઉપરાંત કાપડની દુકાન છે. સ્વાભાવિક છે કે દુકાન ધમધોકાર ચાલવા છતાં, સમજુ અણુસમજુને માટે બેત્રણ ભાવ રખાતા હોય, તદુપરાંત વ્યાજ વટંતરમાં ભોળા ખેડુત વર્ગને અનહદ ચુસવાનો ધંધો પણ એવોજ ચાલે છે. છતાં હજુ પુર્વના ઘરડાનું પૂણ્ય પરવાર્યું ન હોવાથી સ્થિતિ સારી છે. શેઠને રસિકલાલ નામે પુત્ર છે. હમણાંજ ગુજરાતી ત્રીજીમાંથી ચોથા ધોરણમાં ગયો છે. હાલમાં શેઠની ઉંમર ૩૦-૩૫ના ગાળામાં હોય એમ જણાતું હતું. છતાં શરીર સુદૃઢ હતું.

આજ ગામની રાષ્ટ્રીય શાળામાં છગનલાલ નામે મુખ્ય અધ્યાપક છે. અસહકારની હીલચાલના પ્રારંભથીજ એમણે સરકારી નોકરીનું રાજીનામું આપી, પોતાના સર્વ શિક્ષક વર્ગ સહિત રાષ્ટ્રીય શાળામાં આવી રહ્યા છે. શાળામાં જુજ પગાર લે છે. સેવાભાવ રાખે છે. શાળાના વખતમાં શાળાનું કામ કરી, બાકીનો વખત લોકોને આધુનિક પરિસ્થિતિ ઉપર સમજાવવામાં તથા કાંતવામાં ગાળે છે. જ્યારથી છગનલાલે સરકારી નોકરીને તિલાંજલી આપી ત્યારથી વણિક જ્ઞાંતિમાં તેમનું વજન કંઈક ઘટયું છે. મગનલાલ જેવાઓ તેને સર્વ ઠેકાણે હલકા પાડવા પુરતો પ્રયત્ન કરે છે. પરંતુ છગનલાલ એક ચુસ્ત અસહકારી હોવાથી બોલ્યુંચાલ્યું ગળી જાય છે. શાળાના ખરચનો ગામમાંથી ઘણો ઓછો ફાળો મળે છે, એટલે છગનલાલને શિક્ષકોના પગાર ચુકવવા ઘણી મુશ્કેલી નડે છે.

એક વખતે બેત્રણ માસ થઈ ગયા છતાં શિક્ષકોના પગાર ચૂકવી શક્યા નહિ. છગનલાલે વિચાર કરી મગનલાલ શેઠ પાસે જવુ દુરસ્ત ધાર્યું.

મગનલાલ શેઠ દુકાનના કામમાંથી પરવારી ઘર આગળ જવાની તૈયારી કરે છે. એટલામાંજ શાળાના મુખ્ય અધ્યાપક છગનલાલનું આવવું થયું. શેઠે સન્માન કરતાં પુછયું, "કેમ માસ્તર આપનું અચાનક પધારવું થયું છે? કાંઇ મ્હારા

લાયકની સેવા? (મનમાં) ઘેર જઈ થાળી ભેગો થતે, એટલામાં આ વેઠ ક્યાંથી?"

"આપ સેવા કરવા ધારો તો, અનેક સેવા પડેલી છે. પણ હાલમાં તો આટલી સાહાય્ય કરો તો ઠીક?" છગનલાલે સેવાની મહત્તા દર્શાવતાં કહ્યું.

"શું. શામાં સાહાય્ય જોઇએ છે? ઝટ કહો." શેઠે ઉદાસીન ભાવે કહ્યું.

"જુઓ, આપણા ગામની શાળાના શિક્ષકોનો પગાર બે માસનો ચઢી ગયો છે, તેમને પગાર આપવાને શાળા સમિતિ પાસે એક પાઈ પણ નથી. જો આપ હાલમાં રૂ. ૧૦૦૦) મ્હને આપશો તો, આપનો ઉપકાર થશે, જ્યારે વેપારીના ફાળા આવશે ત્યારે હું તમારા ભરપાઈ કરીશ." છગનલાલે વ્યગ્ર ચિત્તે કહ્યું.

"તે તો ઠીક, પણ હું તો વ્યાજ સાથે લઈશ. તમને ટકાની તેરીખે પડશે."

"શેઠ! આપ વ્યાજ લેવાનું માંડી વાળો. શું! આટલી સેવા આપ એક ભારતવાસી તરીકે ન કરો."

"સેવા! સેવા તો હું મારા ઠાકોરજીની રોજ કરૂં છું, એટલે મારે બીજાની સેવા કરવાની જરૂર નથી."

"અરે શેઠ! તમે આ શું બોલો છો? બીજાની સેવા કરવાની જરૂર નથી? તમે બીજાની સેવા લેશો, અને બીજાની

સેવા કરશો નહિ તો તેમાં ઠાકોરજી ખુશી ન થાય. "જન સેવા એજ પ્રભુસેવા છે." વળી આમાં તમારા ગામનુંજ —અરે તમારી જ્ઞાતિનુંજ હિત રહેલું છે. તમારા ગામના ૮૦૦ બાળકોને શિક્ષણ અપાય છે તો આ જાણીને પણ આપે વ્યાજ લેવાનું માંડી વાળવું જોઈએ."

"વ્યાજ તો આપવુંજ પડશે, જોઈએ તો રૂપીઆ લઈ જાઓ, નહિતર ઉઠીને ચાલ્યા જાઓ." શેઠે ભવાં ચઢાવી કહ્યું.

"શેઠ, "વિદ્યાદાન એ સૌથી શ્રેષ્ઠ દાન છે." માસ્તરે છેવટે અતિ વ્યગ્ર ચિત્તે કહ્યું.

"તે બીલકુલ બનશે નહિ" શેઠે હાથ લાંબો કરી કહ્યું.

છગનલાલે જાણ્યું આને જેમ સમજાવશું તેમ વધુને વધુ જક્કી બનશે. માટે જે વ્યાજ લે તે આપ્યા વગર છૂટકો નથી.

"લાવો ત્યારે શેઠ, હું ખાતું પાડી આપુ, રૂપીયા આપો."

શેઠે ચોપડીમાં ખાતું પાડી રૂપીઆ આપ્યા. "ચાલો શેઠ, ત્યારે હવે નમસ્કાર." છગનલાલે ઉઠતાં કહ્યું.

"ઠીક, પણ મહેતાજી તમે આપણા રસિકને ભણાવશો ?"

"હા, ભણાવીશ, પણ માસીક રૂા. ૧૦ લઇશ."

"ઠીક છે, હું આપીશ, પણ કાલથી ભણાવવા આવજો."

"ઠીક કાલે સાંજે ૭ વાગે હું આવીશ."

એટલામાં ચ્હાનો વખત થવાથી નોકર ચ્હાના પ્યાલા મૂકી ચાલ્યો ગયો.

૯

"માસ્તર, ચ્હા લેશો ?"

"ના, જી !"

"કેમ, આમાં પણ કંઈ અંગ્રેજોએ ઝેર ભેળવ્યું છે કે શું ? તમારા અસહકારી લોકો તો જે ન કરે તે ઓછું."

'શેઠ આજ ઠેકાણે તમે ભૂલ કરો છો ! અંગ્રેજો ઉપર અમને જરાયે અવિશ્વાસ નથી; એઓ તો અમારા બંધુ જેવા છે, પણ તેમણે જે નીતી અખત્યાર કરી છે, તેની સાથે અમને અસહકાર છે. નહિ કે એક વ્યક્તિની સાથે."

"ત્યારે ચ્હામાં એટલું બધું શું આવી ગયું ?"

"આસામન ચ્હાના બગીચાના નોકરોનું દુ:ખ જોઈ છગનલાલનું હૃદય ભરાઈ આવ્યું, શેઠ ! તમે ચ્હાના બગીચા-વાળાના જુલમો વાંચ્યા નથી ! આપણે અહીં રહ્યા રહ્યા પડદા પાછળ શું ચાલે છે, તેથી તદ્દન અજાણ્યા છીએ, અરે ! ત્યાં તો ફટકાના મારથી ચામડીયો તૂટે છે ! લોહીની શેરો ફૂટે છે, તો આવા દુ:ખી બંધુઓના લોહીથી રંગાયેલી ચ્હા આપણાથી કેમ પીવાય ?"

'મ્હને એમાં વિશ્વાસ નથી, એ તો અસહકારીઓના બ્હાનાં !"

"શેઠ ન માનતા હો તો પુસ્તકોમાં વાંચી જોજો."

'ઠીક છે, હું વાંચીશ."

પ્રકરણ ૨જું.

છગનલાલ રૂપીઆ લઈ પોતાને ઘેર પહોંચ્યા, તેને કબાટમાં મૂકી, રાતનું વાળુ કરી સૂઈ ગયા. જોતજોતામાં પ્રાતઃકાળ થયો. દાતાણુ પાણી કરી, સ્નાનાદિક નિત્ય કર્મથી પરવારી બીજું ઘરનું કામકાજ કરી, ભોજન કરીને નિશાળે ગયા ત્યાં માસ્તરોનો પગાર ચૂકવી આપ્યો.

હવે ત્યાં મગનલાલ શેઠ વિચારતંદ્રામાં પડયા, કે શું કાલે માસ્તરે વાત કરી તે ખરી હશે! પણ વિચારનો ઉકેલ સમાધામ થઈ શકયો નહિ. વિચાર વમળમાં તણાતાં તણાતાં સાંજ પડી ગઈ, એટલે છગનલાલ માસ્તર રસિકને ભણાવના ગઈકાલના વાયદા મુજબ આવ્યા. શેઠને નમસ્કાર કરી ખુરશી ઉપર બેઠા.

"કેમ છગનલાલ માસ્તરોના પગાર આપ્યા"

"હા, જી, આપ્યા તો ખરા"

મગનલાલે તેના છોકરાને બૂમ પાડી. "અરે રસિક, રસિક, અહિં આવ." પિતાની બુમ સાંભળી પુત્ર દોડયો ને કહ્યું કેમ પિતાશ્રી! શું કહો છે.!

"જા આ માસ્તર આવ્યા છે, તેની પાસે માળે ભણુવા બેસ"

"વારૂં, આ જાઉં છું."

રસિક માળે ગયો, પાછળ માસ્તર પણ ગયા. રસિક નિશાળના ચોપડાં લઈ, માસ્તર પાસે આવી બેઠો અને કહ્યું.

"માસ્તર, સાહેબ ત્હમે મને પહેલાં શું શીખવશો? મ્હારૂં ગણીત ઘણું કાચું છે."

"એ પછી! હું તમને કેટલાક સવાલ પુછવા માંગું છું."

"બેલાશક પૂછો, મ્હને આવડતા સવાલના જવાબ દઈશ"

"(સ્વ) મ્હારા સવાલ ગણિતના કયાં છે. (પ્ર) પહેલાં તમે રાષ્ટ્રીય શાળામાં ભણવા કેમ નથી આવતા? ત્યાં શું અપૂર્ણ શિક્ષણ અપાય છે? તમને દુઃખી દેશની દાઝ નથી?"

"શું કરૂં! લાચાર છું! મ્હારા પિતા મોકલવાની ના પાડે છે, હું તો આવવા ખુશી છું."

"વારૂ ત્યારે, કાલે તમારા પિતાને કહેજો ના કહેતો સમજાવજો, હઠ કરજો, રડજો, અપવાસ કરજો, પણ એ શાળાનો તો ત્યાગજ કરજો."

"વારૂ, હું તમારી સલાહ પ્રમાણે વર્તીશ,–સમજાવીશ. ન માને તો અપવાસ કરીશ, નહિતર આપઘાત કરીશ."

"નહિ, એટલે હરજ્જે જવાની જરૂર નથી, તમારા પિતા જરૂર સમજશેજ, તે પણ એક ભારતવાસીજ છે. (સ્વ.) હું મગનલાલ શેઠને અસહકારી બનાવી શકીશ ખરો.

(પ્ર) આ પછી બીજી દેશની ચાલુ સ્થિતિ ઉપરજ પુષ્કળ સમજાવી, મગજના જ્ઞાન કરતાં હૃદયનું જ્ઞાન વધારી

માસ્તર ઘેર ગયા. માસ્તર ગયા પછી થોડી વારે રસિક પિતા પાસે ગયો, અને કહ્યું.

"પિતાજી, હું હવે એ સરકારી શાળામાં જઈ શકીશ નહિ"

"તું કહી રહ્યો, ત્યારે જરુજ પડશે, શા માટે ના પાડે છે?"

"ત્હમે મને મારી નાંખશો, તો પણ હું સરકારી શાળામાં જઈ શકીશ નહિ"

"ચૂપ રહે નાદાન! નાને મ્હોઢે મ્હોટી વાત કરે છે, તો લે લેતો જા" કહી બે ચાર તમાચાં મારે ને, છોકરો મુંગે મ્હોઢે સહન કરે છે, શેઠનો કઠોર સ્વર સાંભળી શેઠાણી મંગળાચોરી જોડેના ખંડમાંથી દોડી આવી અને કહ્યું.

"તમે મ્હારા એકના એક છોકરાને મારશો નહિ, એની મરજી પ્રમાણે વર્તવા દો, નહીતર ઘરમાં હંમેશાં કંકાસ થશે."

"ચુપ રહે, બક બક મત કર, ચાલ અહીંથી એકદમ ઘરમાં જા નહિ તો તારે ને મારે ભયંકર યુદ્ધ થશે, અમારી વાતથાં તારે ધીલકુલ બોલવું નહિ જા ઘરમાં જા."

(સ્વ.)હવે એને ભાષણ બાય ગ્રુમાં બીલકુલ જવા દઈશું નહિ"

"ત્હમે કહી રહ્યા, હું મ્હારા છોકરાની વિરૂદ્ધ બીલકુલ જવાની નથી, એનું કેહ્યુ બીલકુલ ખોટું નથી, જ્યારે તમે એને રાષ્ટ્રીય શાળામાં મૂકશો, ત્યારેજ હું તમોને રસોઇ કરી જમાડીશ"

"તું ન કરશે તો રસોઇઓ લાવીશ, પણ છોકરાને રાષ્ટ્રીય શાળામાં મોકલવો નથી. પણ તું ના મોકલવાના

કારણો જાણે છે? (ધીમેથી) સાંભળ ત્યાં મોકલીયે તો સરકાર કેદમાં પૂરે કેદમાં. ”

“ જે થાય તે કેદમાં પૂરે તો ફીકર નહિ, પણ મ્હારે આજેને આજેજ આનો ખુલાસો મેળવવો જોઈએ, ન મળશે. તો અમે મા દીકરા કુવામાં પડીશું, આપઘાત કરીશું, તો તમોને હત્યા ચોંટશે. ”

મગનલાલ શેઠ બબડયા કે મારા ઘરમાં કંકાસ ઘાલનાર છગનલાલજ છે, તો એને આવતા અટકાવવાજ જોઇએ, પણ હાલતો બીલકુલ ઉપાય નથી. માટે હમણાં તો હા કહો. પછીથી જોઇ લેવાશે, પડશે તેવા દેસાશે પણ છગન-લાલ મહેતાજીને કહીએ કે યાદ રાખજે, હું તમને પણ એવો સ્વાદ ચખાડીશ કે આવા ધંધા કરવાનુંજ ભૂલી જાય.

“જા તારી એમ મરજી છે તો પુત્રને એક મહીનો રહીને રાષ્ટ્રીય શાળામાં મૂકીશ. ”

“ નહિ, નહિ, મારા પુત્રને કાલેને કાલેજ એ શાળામાં મૂકો.”

“ જા કાલે એને રાષ્ટ્રીય શાળમાં મોકલજે ” ગુસ્સે તો થયા પણ ક્રોધને શમાવી બોલ્યા.

આ સાંભળી મંગળાગૌરી ખુશી થઈ ઝટપટ રાંધવા મંડી પડી.

પ્રકરણ ૩જું.

મંગળાગૌરીએ અલ્પ સમયમાં જમવાનું તૈયાર કરી શેઠને અને રસીકને જમવા બેસાડયા. જમી રહ્યા પછી પાન સોપારી ખાઈને શેઠ પોતાના કામકાજમાં પ્રવૃત્ત થયા. પ્રિય વાંચકો!

અહિં મગનલાલ શેઠ વિચાર કરવા લાગ્યા કે "મારા પુત્રને કાલે રાષ્ટ્રીય શાળામાં મોકલવો પડશે અને મારો પુત્રને જો રાષ્ટ્રીય શાળામાં મોકલવો પડશે અને મારો પુત્ર જો રાષ્ટ્રીય શાળામાં ગયો તો હું લોકોને શું મોઢું બતાવીશ, ફીકર નહિ. હું કાલે મારા પુત્રને લઈને પરગામ ચાલ્યો જઈશ," આવો મનમાં નિશ્ચય કર્યો કે તરતજ શેઠે મંગળાગૌરીને બુમ પાડી, અને કહ્યું. "મારે કાલે મારે સાસરે જવું છે, અને સાથે રસીકને પણ લઈ જવો છે તો આ બાબતમાં તારી શું સલાહ છે તે કહે" શેઠે ગંભીર થઈ પુછયું.

"તમારે પુત્રને રાષ્ટ્રીય શાળામાં મોકલવો પડે તેમાં પિતાને ત્યાં જતા હશો, પણ હું સાથે રસીકને તો મોકલવાનીજ નથી. તમારે જવું હોય તો ભલે જાઓ" મંગળાગૌરીએ રોકડું પરખાવ્યું.

"પણ બેત્રણ દિવસમાં પાછા આવીશું"

"જો તમારી ઇચ્છા હોય તો પરમ દિવસે જજો પણ તમે જો આવતી કાલે જશો તો હું રસિકને મોકલવાનીજ નથી"

મગનલાલ શેઠે વિચાર્યું કે "મારી પત્ની જરૂર આવતી કાલે એને રાષ્ટ્રીય શાળામાં તો મોકલ્યા વિના રહેવાની નથી, હવે શું કરવું ! ફીકર નહિ, ધીરજનાં ફળ મીઠાં, હું મારા છોકરાને રાષ્ટ્રીય શાળામાં તો મોકલીશ, પણ માસ્તરને ના કહીશ કે એનું નામ રજીષ્ટરમાં દાખલ કરશો નહિ. એટલે સૌ સારા વાનાં થશે, અને પાંચ–છ દિવસ રહીને મ્હારા પુત્રને રાષ્ટ્રીય શાળામાંથી સરકારી નિશાળમાં પાછો મોકલતાં શી વાર છે" આમ વિચારી શેઠે કોઈ મહાન શોધ કરી હોય, એમ આનંદમા આવી ગયા.

હવે સંધ્યાકાળ થવાથી શેઠ બહાર ફરવા જવા માટે તૈયાર થઈને ઉભાં છે, એટલામાં ભણાવવાનો સમય થવાથી થવાથી છગનલાલ મહેતાજીનું આવવું થયું. તરતજ મંગળાગૌરી બોલ્યા.

"કાલે આપ શાળામાં જાઓ, ત્યારે મારા રસિકને પણ આપની સાથે લેતા જજો"

"પણ એનું નામ રજીષ્ટરમાં દાખલ કરશો નહિ" વચમાં કુદીને શેઠ બોલ્યા. "આમ તો ના બને રજીષ્ટરમાં નામ નોંધ્યા સિવાય, હું તમારા પુત્રને નિશાળે તેડી જઈ શકીશ નહિ" છગનલાલ બોલ્યા.

(સ્વગત) હજુ મગનલાલ પોતાનોજ પક્ષ ખેંચે છે. ઠીક. "ના, ના, ભાઈ! તમે એનું નામ પણ નોંધજો, અને હું તમને આ ખુશાલીમાં દસ રૂપીઆ આપીશ, તે શાળામાં ભરી દેજો. અને મારા રસિકને આપની સાથેજ લેતાં જજો" મંગળાગૌરી બોલ્યા.

"તમે જો મારા પુત્રને મારે ત્યાં તેડવા આવશો, તો હું તમારૂં અપમાન કરીશ" મગનલાલે નિશ્ચય પુર્વક કહ્યું.

મહેતાજી વિચાર ગ્રસ્ત રહ્યા, પણ મંગળાગૌરી બોલી ઉઠયા "શું! તમે એનું અપમાન કરશો, એનું અપમાન કરવામાં આખા દેશનું અપમાન થાય છે અને જોજો હું અપવાસ કરી દેહ પાડીશ." મંગળાગૌરીએ છેવટનો નિશ્ચય જણાવ્યો.

શેઠ. (સ્વાગત) આમાં આપણું કાંઇ વળે એમ નથી હવે તો છોકરાને શાળામાં મોકલ્યેજ છૂટકો.

"મહેતાજી આવતી કાલે તમે જાઓ ત્યારે રસિકને તેડી જજો."

"ઠીક," કહી મહેતાજી રસિકને ભણવવા ઉપર ચઢયા.

'પ્રસ્થાન.'

પ્રકરણ ૪થું.

પ્રિય પાઠકો !

આજે રસિકલાલ રાષ્ટ્રીય શાળામાં જવાનો હોવાથી મંગળાગૌરીએ તેને ખાદીનાં પોષાકમાં સજ્જ કરી, પોતે અધ્યાપકની માર્ગ પ્રતીક્ષા કરતી દશ રૂપીઆ લઈને બેઠી છે. એટલે થોડીવારમાંજ છગનલાલ આવ્યા અને કહ્યું.

"કેમ રસિકને તો તૈયાર પણ કરી દીધોને?"

"હા, આજે ને મને બહુ આનંદ થાય છે, લ્યો આ દશ રૂપીયા, અને રસિકને લઈ જાઓ."

અધ્યાપક છગનલાલે રસિકને લઈને ચાલવા માંડયું, થોડીવારમાં શાળાએ પહોંચ્યા, ત્યાં રસિકલાલનું નામ રજીષ્ટરમાં દાખલ કર્યું. અને તેને તેના વર્ગમાં બેસાડી આવ્યા, જોતજોતામાં સાંજ પડી, રસિક ઘેર આવ્યો, અને સહેજ સાજ ખાઈને મહોલ્લામાં રમવા ગયો.

રસિકને નિશાળેથી આવ્યાને ૧ કલાક તો થયો નથી, એટલે અધ્યાપક આવ્યા, અધ્યાપક પણ તેના ગયા પછી પાછળજ ઘરમાં ગયાં, ભણવાનું કામ શરૂ કર્યું. આશરે એક કલાક અભ્યાસ કર્યો, એટલે છગનલાલે રસિકને કહ્યું. "હવે તમે તો પૂર્ણ અસહકારી બન્યાં, પણ તમે આજે તમારા તમારા બાને કહેજો કે, બા તમે મને ખાદી પહેરાવી પણ તમે તો ખાદી પહેરતા નથી?"

"વારૂં, હું જરૂરથી મારા બાને કહીશ"

હવે અધ્યાપકનો વખત પુરો થવાથી, તે ઘેર ગયા, તેના ગયા પછી રસિકે પોતાની બાને કહ્યું.

"બા! તમે પણ ખાદી પહેરો તો ઠીક!" આશા ભર્યાં નયને કહ્યું.

"ભાઈ! હું તો ખાદી પહેરૂં પણ તારા પિતા........ (થોડી વારે) ઠીક, હું પ્રયત્ન કરી જોઈશ."

થોડી વારે તેઓ શેઠ નામું લખતા હતાં ત્યાં આવ્યાં અને શાંન્તિથી ઉભા રહ્યા.

"કેમ! શું છે વળી!" શેઠે કંટાળીને ક્રોધથી કહ્યું.

"મને બધી જાતના કપડાં ખાદીનાં અપાવો તો ઠીક"

"તે નહિ બનશે, જા શંખણી નહિતર આ ખડીયો છૂટો મારીશ તો માથું ફુટી જશે, મારા મિજાસને તું જાણે છે." શેઠે ગુસ્સે થઈને કહ્યું.

"તમે જો મને નહિ લઈ આપશો, તો હું બળી બળીને મરી જઈશ" આંસુ ભરી આંખોએ મંગળાગૌરીએ કહ્યું.

"જા, તારે જેમ કરવું હોય તેમ કર પણ ખાદી તો નહીજ પહેરવા દેઉં, તને ખબર છે કે બંગાળામાં ખાદી પહેરનારી સ્ત્રીઓને પકડી જાય છે."

શેઠે દયા ખાતાં કહ્યું, પણ મંગળાગૌરીનું મન માન્યું નહિ, તેઓ ઘરમાં ચાલી ગયાં, અને ખાદીનું લુગડું તૈયાર હતું તે પહેરી મગનલાલ શેઠના સન્મુખ આવી ઉભા રહ્યાં.

“જા, જા, હું શું કરૂં તારા ઉપરથી હાથ ઉપાડું તો હુંજ બેવકુફમાંજ ખપુ, બાકી તો....” વક્ર દૃષ્ટિથી શેઠે કહ્યું.

મંગળાગૌરી છેલ્લા શબ્દો સાંભળ્યા સિવાય ઘરમાં જઇ નિત્ય કામમાં પ્રવૃત થઇ, છગનલાલ! છગનલાલ! મારા ઘરમાં તું કયાંથી આવ્યો જે મારે આ વખત આવ્યો, શું કરૂં! મારોજ દોષ મેંજ સર્પને રહેવાનું સ્થાન આપ્યું, પણ યાદ રાખજે, હું પણ તને વખત આવે જોઈ લઈશ.”

એમ કહી શેઠ હોઠ દબાવતાં કંઈ કામ સારૂ ગાડીમાં બેસીને બજારમાં ગયા.

“પ્રારબ્ધની ગેબી વાતો”

જો તમારે ભવિષ્ય, અને જન્મોત્રી, વર્ષફળ, ટપકાં વગેરે જયોતિષી ને લગતું દરેક કામકાજ કરાવવું હોય તો મળો યા લખો.

રામચંદ્ર રવીશંકર જોશી.

ઓરપાડ (જી. સુરત.)

ખાત્રી કરવા માટે આઠ આનાની ટીકીટ બીડી ‘માસફળ’ મંગાવો.

પ્રકરણ ૫મું.

મગનલાલ શેઠ સ્વજ્ઞાતિના એક પ્રતિષ્ઠિત શેઠ-
દુકાને ગયા, અને ત્યાં પોતાનું ખાનગી કામકાજ કરી લ
ઘેર પાછા આવ્યા.

સાંજના નિત્ય નિયમ પ્રમાણે છગનલાલ આવ્ય
છગનલાલને જોતાંજ શેઠે ક્રોધથી કહ્યું. "માસ્તર, તમે
રૂપીઆ ઉછીના લઈ ગએલા તે આપી જાઓ મ્હારે ખા
કામ પડયું છે."

"શેઠ હમણાં મ્હારી પાસે કે શાળા સમિતિ પા
એક પાઈ પણ નથી, ફાળાના પૈસા આવશે, ત્યારે તમા
નાણાં ભરી જઈશ."

'હું કાંઈ બીજી વાત સમજું નહિ, તમે સીધી રી
૨૪ કલાકમાં રૂપીઆ આપી જાઓ, નહિતર હું તમા
જરા પણ શરમ રાખ્યા સિવાય કોર્ટમાં કામ ચલાવીશ
સમજ્યાને મહેતાજી !" શેઠે ઘાંટો પાડીને કહ્યું.

આ પ્રમાણે વાત ચાલે છે, સહજ શંકા આવવા
મંગળાગૌરી શું ચાલે છે, તે જોવાને આવ્યા.

"તમારે જોઇએ તો દાવો માંડજો, પણ મારી પા
હમણાં એક પાઈ નથી, એટલે કયાંથી આપું !"

'ઠીક છે, જોઇ લઇશ, જે દિવસે રૂપીયા લેવા આવ

તે વખતે કેવા નમ્રતાથી વાત કરતા હતા, અને આજે ગુસ્સાથી વાત કરો છો, પણ ફીકર નહિ, છગનલાલ! હું કાલે જઇને દાવો માંડું છું, તમને પણ યાદ રહેશે કે શેઠ પણ મને માથાના મળેલા હતા."

એટલે મંગળાગૌરી તરતજ વચમાં બોલ્યા. "શું કાલે દાવો માંડવો છે તમે એને શું કરશો! પણ ઉલટી તમારી આબરૂના કાંકરા થશે." મંગળાગૌરીએ બહાર આવી કહ્યું.

"તારે અમારી વાતમાં બીલકુલ બોલવું નહિ." ગુસ્સે થઈ કહ્યું "કેમ, નહિ બોલવું, જે વાત સાચી છે, તે જણાવતાં જે દુઃખ પડશે તે ખમીશ પણ સત્ય બીના તો જણાવીશ"

"હવે તારે ઘરમાં જવું છે કે નહિ."

મંગળાગૌરી દૃઢતાથી ઉભા રહ્યા.

"ભાઈ! તમે એને દાવો માંડવા દેજો, જરા પણ ગભરાશો નહિ. આટલી બધી મિલ્કત છે, તો પણ હજુ એમને આટલા રૂપીયાનો લોભ લાગ્યો છે, પણ ફીકર નહિ, તમારે બીજા પણ પૈસા શાળા નિભાવવા માટે જોઇતા હોય તો બેલાશક લઈ જજો, મારા પિતાએ મ્હને ખાનગી ૨૫૦૦ રૂા. આપેલા તે બધા પૂરા થતા સુધી હું જરા પણ અચકાઇશ નહિ." મંગળાગૌરીએ સ્નેહથી ગળગળા થઇ કહ્યું.

છગનલાલે ભીની આંખે સાંભળ્યા કર્યું જ્યાં સુધી આવી

નોરીઓ ભારતમાં છે. ત્યાં સુધી દેશ પુરો ડુબ્યો નથી. મંગળાગૌરીએ પુનઃ બોલવા માંડયું.

'હાલ તુરત હું ૫૦૦ રૂ. આપુ છું, જાઓ ત્યારે લઇ જજો."

મગનલાલના પોતાના રૂપીયા ન હોતાં. છતાં ઘરમાંથી જવાથી ક્રોધથી રાતા-પીળા થઈ એકદમ ધ્રૂજી ઉઠયા. અને વિચારવા લાગ્યા, "હવે મારે મારી પત્નીને જરૂર એના પિતાને ત્યાં મોકલી દેવી જોઇએ (નહીતર) આમ તો આપણેથી નહિ રહેવાય, માટે કાલે એને હું જરૂરથી એના પિતાને ત્યાં મોકલી દઈશ. એવામાં ગામના શિરસ્તેદાર રામલાલ જતા હતા, તેને મગનલાલે બોલાવ્યા.

પ્રકરણ ૬ઠું.

મગનલાલ શેઠે રામલાલને ચ્હા પાઇ, પાન સોપારી ખવડાવી તેનું સન્માન કર્યું અને કહ્યું.

"જુઓ સાહેબ, આપણા ગામમાં રાષ્ટ્રીય શાળાના મુખ્ય અધ્યાપક છગનલાલ મારી પાસેથી અધ્યાપકોનો પગાર ચુકવવા માટે, ખાતું પાડી રૂપીયા લઈ ગયા છે, અને તેને કહેતાં તે ના કહે છે, કે મારી પાસે એક પાઇ પણ નથી. માટે મારે તેમના ઉપર દાવો માંડવો છે. તો આપ

જરા ધ્યાન દઈને મારા કેશની સંભાળ લેજો," શેઠે આબાદ છાપ પાડતાં કહ્યું.

"જુઓ, શેઠ આપને ઘેર પ્રભુની કૃપાથી દશ લાખ રૂપીયા છે. અને બધી વાતે લીલા લહેર છે. નોકર, ચાકર, ઘોડા, ગાડી. વગેરે સર્વ પ્રકારનું સુખ છે. તેમાં વળી છગનલાલ જે રૂપીયા લઈ ગયા, તે રૂપીયા રાષ્ટ્રીય શાળામાં વપરાય તો તમે કંઇ ગરીબ થઇ જવાના નથી. માટે જો એટલા રૂપીયા રાષ્ટ્રીય શાળામાં આપશો, તો દેશ સેવકો પર તમારો અનુગ્રહ થશે. તમારી પાસે આટલી બધી મીલકત છે. તો તેમાંથી દશ હજાર રૂપીયા રાષ્ટ્રીય શાળામાં વપરાય તો તે શું ખોટું છે? શેઠ, તમે મારૂં માની દાવો લાવશો નહિ, આ તો મારી તમને સત્ય સલાહ છે." રામલાલે આદર્શ નોકરનો પાઠ ભજવતાં કહ્યું, અને પોતાને ખાસ કામ હોવાનું જણાવી ચાલ્યા ગયા.

એમના ગયા પછી મગનલાલ શેઠે વિચાર કર્યો "મારૂં રામલાલે તો અપમાન કર્યું. હવે કેમ કરીશું! ફીકર નહિ, મહેતાજીને સમજાવી પટાવીને રૂપીયા કઢાવી લઈશું.

સુજ્ઞ વાંચકો!

રામલાલ રસ્તા ઉપર થઇને જતા હતા, તેવામાં તેમને છગનલાલ માસ્તર મળ્યા, અને તેણે તેને શેઠને ઘેર બનેલી બીનાથી વાકેફ કર્યો.

હવે છગનલાલ મગનલાલ શેઠના ઘર તરફજ આવતા હતા, તેઓ શેઠને ત્યાં આવ્યાં, અને બેઠા, એટલે તરતજ શેઠે કહ્યું.

"માસ્તર!" કાલથી તમે ૧ મહીનો સુધી રસિકને ભણાવવા આવશો નહિ."

"કારણ?" મહેતાજીએ આશ્ચર્યથી પુછયું.

"એ એના મોસાળ જવાનો છે."

"વારૂ."

એમ કહી છગનલાલે ચઢેલો પગાર લઈ ચાલવા માંડયું.

મગનલાલે પાછું બબડવા માંડયું, "હાય પ્રભુ! હવે તો તું કરે તે ખરૂ! હવે શું થશે! પણ મારી પત્નીને તો જરૂર કાલે મોકલાવી દઈશ, એમ કહી પત્ર લઇ લખવા મંડી પડ્યા.

પૂજ્ય શ્રી ભૂખણલાલ,

લી૦ ઉમરેઠ મુકામેથી સ્નેહી મગનલાલના પ્રણામ સ્વિકારશોજી. બી. તમોને આ કાગળ મળે કે તરત ચી. રસિકલાલ અને તેની બાને લઇ જશો. કારણ અહીંઆ હરરોજ દ્વંદ્વયુદ્ધનું મંડાણ માંડે છે. થોડું લખ્યું ઘણું લખ્યું માનજો.

લી૦ કૃપાકાક્ષી

મગનલાલના પ્રણામ.

પત્ર લખી પરબીડીયામાં બીડી, નોકરને બોલાવી. ટપાલમાં નાંખવા મોકલ્યો. અને શેઠ બહાર ફરવા ગયા.

પ્રકરણુ ૭મું.

વિચારવંત વાંચકો !

મગનલાલનો લખેલો પત્ર તેના સસરા ભુખણદાસને બીજે દિવસે મળ્યો તેના સસરાએ તે કાગળ વાંચ્યો અને એના જમાઈના ગામ તરફ આવવા માટે ગાડી તેડાવી ૮ કલાકના અન્તરે શેઠના સસરા ઘેર આવ્યા. ત્યાં બધાને મળ્યા અને જમીને આનંદથી બેઠા છે. એટલે ભુખણદાસે કહ્યું.

"બોલો તમારે શું કહેવું છે?"

"જુઓ, તમારી પુત્રી મને જરા ગાંઠતી નથી, ના કહ્યાં છતાં પણ ખાદીનું લુગડું પહેર્યું છે, અને તોફાન કરીને રસિકને રાષ્ટ્રીય શાળામાં મોકલ્યો છે. માટે તમે એને હમણાં તમારે ઘેર લઈ જાઓ, અને ૧ મહીનો રહીને પાછી મોકલી આપજો."

"જુઓ શેઠ, એણે ખાદીનું લુગડું પહેર્યું, એમાં શું ખોટું કર્યું? હું પણ ખાદીજ પહેરૂં છું, તેમ તમારા સાસુ વગેરે સૌ ખાદી પહેરે છે. અમારાથી બનતું 'સ્વરાજ્ય ફાળામાં પણ આપતા જઈએ છીએ, તમે પણ આપણા દેશની આટલી સેવા ના કરો."

મગનલાલે ધાર્યું હતું, એથી ઉલટોજ જવાબ મળ-

જાહેર ખબર

ૐ

અમલદારો, અંગ્રેજો, તથા રાજામહારાજાઓ, યાને દેશ બંધુઓના અને ધર્મ ગુરૂઓના હજારો પ્રમાણ પત્રો મેળવી વિશ્વવિખ્યાત થયેલું:—

ભવિષ્યોદય જ્યોતિષ કાર્યાલય

જ્યાં સામુદ્રિક તથા રમણવિદ્યા પ્રાચીન શાસ્ત્રના આધારે ભવિષ્ય ભાખી જીંદગીનો વર્તારો બનાવવામાં આવે છે.

"ચમત્કાર ત્યાંજ નમસ્કાર"

આ કહેવાતી અચુક ખાત્રી કરવી હોય તો પહેલી તકે અમુલ્ય સલાહ લેવા રખે ચુકતા.

ભ.વિષ્ય વેત્તા

રેવાશંકર ભવાનીશંકર જ્યોતિષ.

ઠે૦ છાપરીયા શેરી.—સુરત

રૂબરૂ મળો અથવા બે આનાની ટીકીટ બીડી મફત ભવિષ્યોદય મંગાવો.

વાથી તેમને માઠું તો લાગ્યુંજ, પણ વડીલ આગળ વધુ બોલી શકયા નહિ.

"કૃપા કરી એ વાતતો બોલશોજ નહિ"

"પણ તમારે શો વાંધો છે, તે જણાવશો."

"વાંધો, વાંધો, કંઈ નહિ, પણ એ બધાં નવરાના ધતીંગ મારા ઘરમાં ન જોઇએ, સેવાની વાત કરીએ તો દશલાખ રૂપીઆ અત્યારે મેળવા ન હોત"

"રૂપીયાને જોય જ કરજો જોયા, બીજું તમારાથી કંઇજ ઉપયોગ થવાનો નથી."

"તમે પણ એજ વિચારના હો, તો તમે તમારી પુત્રીને લઈ જાઓ, મ્હારે એનું બીલકુલ કામ નથી."

"શેઠ, આ તમે ઠીક કરતા નથી, પછી પાછળથી પસ્તાવવું પડશે સમજ્યા?"

"હા, હા, સમજ્યા, તમે કહી રહયા, હું એને રાખી શકીશજ નહિ તમે લઈ જાઓ, પછી કોઈ વખત પણ એને તેડાવીશજ નહિ."

"વારૂં, હું હમણાંજ લઈ જઈશ. પછી તમોને યોગ્ય જણાય એમ કરજો."

ભુખણદાસે ગાડી તૈયાર કરવા નોકરને જણાવ્યું, થોડા સમયમાં ગાડી તૈયાર થઇ, કે તરત રસિકને લઈને મંગળા-

ગૌરી ગાડીમાં બેઠી, ગાડી ઉપડી ગઈ, અને શેઠ મ્હોડું કટાણું રાખી લાંબી નજરે જોઈજ રહ્યા.

મગનલાલ શેઠ ઘરમાં એકલા પડી ગયા એક દિવસ તેણે વિચાર કર્યો, "મને ઘરમાં એકલા ગમતું નથી; મારે શું કરવું, રસોઈ પણ હાથે કરવી પડે છે, જે બને તે ખરૂં પણ એક વાતને છોડવી તો નહિજ."

પણ ફીકર નહિ, હું બજારમાં મારા મિત્રને મળી એક રસોઇઓ મળે તો રાખી લેઉં, જે આ બધી પીડા ટળી જાય, અને ઘરમાં કામકાજ કરવા સારૂં, એક નોકરને પણ શોધી કાઢીશ એટલે ઠીક કામ ચાલશે.

આમ વિચારી શેઠ ગાડી જોડાવી બજારમાં એના મિત્રને ઘેર ગયા.

ઈનામી નોટ બુક.

જે આનામાં ઇનામી નોટ બુક મેળવવી હોય તો
એક વખત પધારી ખાત્રી કરી જુઓ.

નોટબુક વાળા

ભાગાતળાવ } સીરાજુદીન અબદુલાભાઇ
સુરત } પહેલા નંબરની સ્કુલ પાસે

પ્રકરણ ૮મું.

બજારમાં મગનલાલ શેઠે ઝવેરીની દુકાને જઈ તેના મિત્રને કહ્યું કે,

"અરે, શેઠ, મારે એક રસોઈઓ જોઈએ છે જો કોઈ તમારી ધ્યાનમાં હોય તો બતાવો તો સારૂં."

"કેમ તમારે રસોઇઆનો શો ખપ પડચો?"

"હમારા પત્ની અસહકારી થયાં છે, તેથી તેને તેના પિતાને ઘેર મોકલી દીધી છે. તેથી કરીને મારે રસોઇઆનો ખપ પડચો છે."

"મગનલાલ શેઠ તમારે અસહકારીતો બનવુંજ પડશે, અને જે દિવસે બનશો, તેજ દિવસે કહીશ કે કેમ મગનલાલ શેઠ હવે અસહકારી બન્યાંને?"

"વારૂં તે વખતની વાત તે વખતે છે."

"ત્યારે મારે ઘેરજ બે રસોઇઆ છે. હવે મારે એકનુંજ કામ છે. તો બીજો માણસ તમે લઇ જાઓ.

આમ કહી ઝવેરીએ રસોઇઆને બુમ પાડી, એટલે રસોઈઓ માળ ઉપરથી દુકાનમાં આવ્યો, ઝવેરીએ તેને પુછ્યું.

"તારે આ મગનલાલ શેઠને ઘેર નોકરી કરવી છે."

"હા, હું તો ખાતાપીતા રૂા. ૪૦ લઈશ."

"કબુલ છે, ચાલ, ગાડીમાં બેસીજા."

"પણ શેઠ હું તો અસહકારી છું, એટલે ખાદી પહેરૂં છું."

"છટ્, છટ્, ત્યારે તું તો નકામો છે. જ્યાં જ્યાં ફરૂં છું ત્યાં અસહકારીજ માણસો મળે છે. પણ હું એ ખાદીવાળાને તો રાખીશજ નહિ" કહિ શેઠે ઉઠીને ચાલવા માંડયું.

આખું ગામ ફર્યો તોપણ રસોઈઆનો પત્તો ખાધો નહિ. શેઠ બિચારા નિરાશ થઈ ઘેર ગયા.

એક દિવસ મગનલાલ શેઠ માળ ઉપર બેઠા છે, ત્યાં એક બ્રાહ્મણ આવ્યો, અને શેઠ પ્રતિ બોલ્યો.

"શેઠ મને નોકરી ઉપર રાખશો?"

મગનલાલ શેઠ તેનું નામ, ગામ, ઠેકાણું વગેરે પુછી લઈ બોલ્યા,—

"બોલ ભાઈ, શું પગાર લેશો ?"

"તમે જે આપશો તે."

"હું તમને ખાતા પીતા પાંચ રૂપીયા આપીશ." વાણી-આએ વણિકત્વ બતાવતાં કહ્યું.

"શેઠ કબુલ છે."!

મગનલાલ શેઠે તેને ઘરના કામકાજથી વાકેફ કર્યો, થોડા દિવસ બ્રાહ્મણે ઠીક કામ બજાવ્યું. આ જોઈ શેઠ ખુશ ખુશ થઈ ગયા. હવે ફીકર નહિ, તે નહિ આવે તો પણ....

બ્રાહ્મણ હવે ઘરનો જાણકાર થઇ ગએલો હોવાથી એક દિવસ રાતના શેઠ ઉંઘતા હતા એટલે ત્રિજોરીની ચાવી શેઠના ગજવામાંથી કાઢી ૨૦૦૦૦ રૂ. રૂપીઆ વીશ હજાર લઇને અગીયારા ગણી ગયો.

વૈદ્ય તિલકચંદ તારાચંદના બનાવેલા

આયુર્વેદ નિબંધમાળા ભાગ ૧-૨ તૈયાર છે.

આ બંને ગ્રંથોની લોકોની ઘણી માંગણી હોવાથી હમોએ છપાવી બહાર પાડયા છે. એ બન્ને પુસ્તકોમાં સ્ત્રી, પુરુષો, બાળકોની નાડી પરીક્ષા તેમજ હરેક રોગોની પરિક્ષા અને તેની દવાઓ તથા તેની દવા બનાવવાની સરળ રીત હરેક માણસ જાતે બનાવીને ઉપયોગ કરી શકે તેવી આપવામાં આવી છે. કીં. ભાગ ૧લો રૂા. ૧-૦-૦ ભાગ ૨જો રૂા. ૩-૦-૦ રાખી છે.

મળવાનું ઠેકાણું—સુરત સીટી પ્રી. પ્રેસ,

ચૌટાના પુલ ઉપર—સુરત.

પ્રકરણ ૯મું.

સવારમાં શેઠ ઉઠયા. અને હાતાણુપાણી કરીને કંઈ રૂપીયાનો ખપ પડવાથી કુંચી શોધવા ગયા. પણ કુંચી નહિ હોવાથી શેઠ ગભરાયા અને જોયું તો ત્રીજોરીમાંથી ૨૦૦૦૦ રૂા.ની થેલી ગુમ થયેલી જોઈ, એટલે તરતજ શેઠ ચમકયા, અને જમીન ઉપર બેશુદ્ધ થઇને પડયા. અર્ધો કલાક પછી શેઠ ઉઠયા, પોતાથી બને તેટલી તપાસ કીધી, પણ કંઈ વળ્યું નહિ, રૂપીયાની આશા છોડી.

હવે એક દિવસ મગનલાલ શેઠ બજારમાં ફરતા હતા એવામાં અચાનક અધ્યાપક છગનલાલ મળ્યા, તેને જોતાની વારજ શેઠે કહ્યું.

“ કેમ, છગનલાલ, પેલા રૂપીયાનું કેમ ?”

“ શેઠ હમણાં મારી પાસે રૂપીયા નથી, આવશે કે તરત હું આપી જઈશ ”

“ ઠીક છે, શું તમારે અમારા રૂપીયા પચાવી પાડવા છે?”

“ ભાઈ! મારે રૂપીયા ખાઈ તો જવા નથી, જો આપ શ્રીની મરજી હોય તો એ રૂપીયા આપના નામથી રાષ્ટ્રીય શાળામાં જમે મુકવા છે.”

“ તારા બાપના રૂપીયા હતા, કે તે જમે મુકવાના છે.

હરામના રૂપીયા આવ્યા છે આપી દે બહુ સાહુકાર છે તે જાણ્યો છે!" શેઠે ઘાંટા પાડીને કહ્યું.

બજાર હોવાથી અને ઘાટા પાડીને બોલવાથી ૨૦૦-૫૦૦ માણસ ભેગું થઇ ગયું, અને જે હોય તે શું બન્યું એ વિષે એક બીજાને પુછવા માંડયું.

થોડીવાર પછી સર્વ લોકો આ રૂપીયા રાષ્ટ્રીય શાળામાં ગએલા છે. એમ સમજી ગયા. બે ચાર આબરૂદાર શેઠીઆઓ શેઠને સમજાવવા લાગ્યા.

"શેઠ ત્હમે આવા મોટા લક્ષાધિપતિ થઈને એક એક નજીવા પૈસાને માટે ખેંચતાણ કરો છો,! તે પણ વળી આપણી શાળામાં આપેલા તે પાછા લેવા માટે? જો તમારે પૈસા જોઈતાજ હોય તો અમારી પાસેથી લઇ જજો." મગનલાલ શેઠ શરમથી ઉંચી દૃષ્ટિ પણ કરી શકયા નહિ. તો શેઠીઆઓ પાસે રૂપીયાતો કેમજ માંગી શકાય! નિરાશ થઈ ઘેર ગયા.

એક દિવસ મગનલાલ વિચાર કરવા લાગ્યા કે "મારી પત્નીને ગયાને બહુ દિવસ થઈગયા છે માટે પત્ર લખવો જોઇએ."

એમ વિચાર કરી ખડીયો અને કાગળ લઈને પત્ર પત્ર લખવા બેઠા. એવામાં છીંક આવી, એટલે મગનલાલ શેઠ બબડયા!! કે અપશુકન થયાં પણ કંઇ ફીકર નહિ, અને પત્ર લખવો શરૂ કીધો.

પ્રકરણ ૧૦મું.

મગનલાલ શેઠે તેના સસરાને પત્ર લખવો શરૂ કર્યો તેમાં આ પ્રમાણે લખ્યું—

સ્વ. શ્રી૧ા.

સ્વસ્તિ શ્રી. બોરીઆવી મુકામે પુજ્ય શ્રીની સેવામાં તમે અહીંથી કેટલા દિવસ થઈ ગયાં પણ પત્ર સરખો નથી, તો જરૂરથી લખશો, બીજું તમો સારો દહાડો વાર જોઈને રસિક તથા તેની માને મોકલી આપશો, સર્વે ને મારા પ્રણામ, રસિકને બોલાવશો.

લી૦ કૃપાકાંક્ષી.

મગનલાલના પ્રણામ.

આ કાગળ બીજે દિવસે મગનલાલના સસરા ભુખણદાસને પહોંચ્યો, તેણે તે કાગળ વાંચ્યો, અને તેની પુત્રીને વંચાવ્યો એટલે મંગળાગૌરીએ કહ્યું

“ પિતાશ્રી તેઓ જો અસહકારી બન્યાં હશે તો અને ખાદી પહેરતાં હશે તો હું જઈશ નહિતર હું ત્યાં પગ સરખો પણ મુકવાની નથી. ”

આ સાંભળી ભુખણદાસે કહ્યું.

" તારા અભિપ્રાય મુજબજ હું જવાબ લખી જણાવીશ."
પછી ભુખણદાસે પત્ર લખ્યો તે નીચે મુજબ—

શ્રી૧૧.

ચી. નેત્રમણી–ભાઈ **મગનલાલ**

લી૦ શુભેચ્છક **ભુખણદાસના** યથાયોગ્ય ઉર્ફે વંદેમાતરમ્ આ પત્ર વાંચીને જલદી જવાબ આપશો. બીજું જો તમે અસહકારી બન્યાં હો તો **મંગળાગૌરીને** મોકલીશ, અને નહિ બન્યાં હો તો જેમ બને તેમ જલદીથી મને પત્ર દ્વારા ખબર આપશો, જ્યાં સુધી તમે અસહકારી બનશો નહિ ત્યાંસુધી હું **મંગળાને** મોકલવાનો નથી. અસહકારી થયાનો પત્ર આવશે કે તરત હું મ્હારી પુત્રી **મંગળાગરીને** અને રાસકને આવી મુકી જઇશ. હાલ એજ.

લી૦ હિતેચ્છુ **ભુખણદાસના** શુભાશિષ.

બીજે દિવસે શેઠને તે કાગળ મળ્યો તે વાંચીને ચોંક્યા, હવે કેમ કરવું! ૨૦૦૦૦ હજાર રૂપીયા તો ચોરાઈ ગયા. પત્નિ અને પુત્ર અસહકારી બન્યાં, વંઠી ગયા **છગનલાલ** રૂપીયા નથી આપતા, એવા વિચારમાં ને વિચારમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યા, હવે શું થશે! કેમ કરૂં! આત્મઘાત કરવાનું મન થાય છે. એવા તેના મનમાં હંમેશાં વિચાર આવ્યા કરતા હતા.

એવામાં તેને એક યુક્તિ સુઝી આવી, " હું અસહકારી ગયો, એવો ખોટો પત્ર મારા સસરા પર લખું, અને પછી મારી પત્નીને અને રસિકને મૂકી જશે, એટલે હું તેમને મોકલીશજ નહિ " એમ વિચાર કરી લખવા મંડયા, એવામાં એક તાર આવ્યો.

" મી. મગનલાલ તમાર શેરમાં રૂા. ૫૦૦૦૦ની ખોટ માટે તાકીદથી નાણું ભરપાઇ કરો "

દુકાળમાં અધિક માસ ! આ તાર વાંચીને મગનલાલ આભાજ બની ગયાં, મનમાં બબડયા કે જે બને તે પણ અસહકારી તો નહિજ બનું. પત્ર લખી તેને બીડયો નોકરને નાંખવા મોકલ્યો, તેમાં લખેલું હતું કે. "

પ્રકરણ ૧૧મું.

શ્રી ૧।

પૂજ્ય શ્રીની સેવામાં

હું તમને લખી જણાવું છું કે હું ખરેખરો અસહકારી બની ગયો છું. તો આ કાગળ મળતાંજ રસિક અને તેની બાને આવીને મૂકી જજો.

લી૦

આજ્ઞાધીન મગનલાલ

પત્ર પહોંચ્યો કે તરતજ સસરાએ વાંચ્યો અને વિચાર કર્યો કે, સૂર્ય પૂર્વનો પશ્ચિમ તરફ ઉગે તો પણ મગનલાલ શેઠ અસહકારી બને નહિ, કોણ જાણે છે, કે તેઓ અસહકારી બન્યાં, તરતજ તેણે એક પત્ર લખ્યો. તેમાં લખ્યું જે.

'જ્યારે તમે ખાદીનાં કપડાં પહેરી જાતે તેડવા આવશો, ત્યારેજ હું મારી પુત્રીને મોકલીશ! નહિતર હું મોકલી શકીશ નહિ. એ માટે નાચાર છું.

આ સમાચાર મળતાં મગનલાલ શેઠ બોલ્યા, "હાય! હવે જરૂર અસહકારી બનવું પડશે" પણ કંઇ ફીકર નહિ.

હમણાં હું મારા વૃદ્ધ ફોઇને ત્યાં જાઉં છું. તેઓ અનુભવી છે. એટલે જે સલાહ આપશે તે પ્રમાણે વર્તીશ.

આમ વિચારી મગનલાલ શેઠ ઉઠયા કે તરતજ અધ્યાપક છગનલાલ પધાર્યા, એટલે તરતજ મગનલાલ શેઠ બોલ્યા.

"મારી ખાત્રી છે જે તમને જે પુછું તે વિષે આપ સાચી સલાહ આપશો."

"શા માટે નહિ" છગનલાલે આશ્ચર્યથી કહ્યું.

"ઠીક, ત્યારે સાંભળો, મારા સસરાનો મારી પત્નીને બીલકુલ મોકલવાની ના કહે છે, અને જણાવે છે જે તમે અસહકારી બનશો ત્યારેજ તેને હું મોકલીશ. તો મારે શું કરવું માસ્તર?"

(થોડો વિચાર કર્યો પછી)

"તમે અસહકારી બનો તો સારૂં. વળી ખાદી પહેરવામાં આપણા દેશી ભાઇઓનુંજ હિત સમાયેલું છે તમારા દુઃખી દેશને ખાતર આટલું જરૂર કરો, વળી તમારૂં સંસારિક દુઃખ પણ મટી જશે."

"હું મારા વૃદ્ધ ફોઇની સલાહ લેવા જાઉં છું. માટે આપ એટલીવાર અહીં બેસો તો સારૂં!"

"તમારા વૃદ્ધ ફોઇએ પણ ખાદીજ પહેરી છે. મારા ઘરમાંથીજ એમને બોધ મળ્યો હતો, આટલી વૃદ્ધ વયે એમની સેવાને ધન્ય છે."

શેઠમાં આથી કાંઈ સ્વદેશ પ્રેમનું સિંચન થવા લાગ્યું, અને તેણે વિચાર્યું, આમનું કહેવું ખરે યોગ્યજ છે. ખરે હું ભુલ્યો આ પ્રમાણે વિચારમાં તે પડ્યા છે. એટલામાં છગનલાલ તેમના પ્રતિ બોલ્યા.

"કેમ, મગનલાલ શેઠ શું જવાબ છે! બોલો મ્હારૂં કહેવું યોગ્ય નથી?"

"જાઓ, કાલે સવારે ૮ વાગે હું તમને મારો ચોક્કસ નિર્ણય જણાવીશ." મગનલાલ શેઠે છેલ્લો જવાબ દેતાં કહ્યું.

છગનલાલ ઉઠીને ચાલ્યા ગયા પછી મગનલાલ શેઠ પાછા વિચારમાં પડ્યા. હવે અસહકારી બનું કે નહિ બનું! શું મહેતાજીએ કહી તે વાત ખરી હશે! (દુઃખી દેશની)

એમ વિચાર કરતાં કરતાં "હું આવતી કાલે અસહકારી બનીશ, એવા ચોક્કસ નિર્ણયપર આવીને તેઓ નિદ્રાવશ થયા. કેટલાએ દિવસે આજે શેઠને શાંત નિદ્રા આવી.

પ્રકરણ ૧૨મું.

અધ્યાપક છગનલાલે વિચાર કર્યો કે "આજે મારે શેઠને શુદ્ધ અસહકારી બનાવવા છે," તેથી ખાદીનાં કપડાં ખરીદયા, અને મગનલાલ શેઠના ગ્રહપ્રતિ ગમન કર્યું છગનલાલને પોતાના ઘર તરફ આવતાં જોઇને પહેલોજ અત્યાનંદ થયો અને બોલ્યા.

"આજે મ્હારા ધારવા પ્રમાણે સંપૂર્ણ શુદ્ધ અસહકારી બની જાવું છું, અને મારી મિલ્કતમાંથી ૨૦૦૦૦ રૂપીયા હું રાષ્ટ્રીય શાળામાં આપુ છું, વળી તમે ખાતું પાડી લઇ ગએલા રૂપીયા પણ મારી પત્નીને નામે અને ૫૦૦૦ પાંચ હજાર રૂપીયા મારા રસિકને નામે આપું છું. વળી જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે બેલાશક લઇ જજો." શેઠે ઉદારતાની અવધિ કરી."

એમ કહી પેલું ખાતું ફાડી નાંખ્યું.

હવે છગનલાલ હર્ષાવેશમાં ગરકાવ થયા, અને પ્રશંસા કરવા લાગ્યા...........

"વાહ, મગનલાલ શેઠ તમારા કાર્યથી મને ઘણોજ આનંદ થયો છે, પ્રસન્ન થયો છું, અને જો તમે ખરા

સહકારી બન્યાં હો, તો આ ખાદીના કપડાં તમારા શરીર
ર ગ્રહણ કરો."

આમ બોલી રહ્યા કે તરત મગનલાલે ખાદીનાં કપડાં
તાના હાથમાં લીધાં, અને હોંશથી ખાદીનાં કપડાં ગ્રહણ
ર્યાં પછી ખુશ થતાં બોલ્યા.

"બસ, હું અસહકારના કાર્યમાં હવેથી આગળ પડતો
ાગ લઈશ,"

"હું ધારૂં છું કે તમોને તમારા પાછલા શબ્દો યાદ
શે, જો યાદ હોય તો પશ્ચાતાપના તાપમાં બળી શુદ્ધ થાવ."

"હાય! મ્હને એ સંપૂર્ણ યાદ છે. મને એ માટે
ેરો પસ્તાવો થાય છે; હું ખરા દિલથી મારા શબ્દો માટે
મા યાચું છુ."

લાંબા થઇ છગનલાલના ચરણમાં પડવા જાય છે,
ગનલાલ દૂર ખસીને કહે છે.

"ભાઈ! એ સૌ પ્રભુનીજ કૃપા છે, તમે જે મ્હારૂં
અપમાન કર્યું હતું, તેને માટે મને જરા પણ દુઃખ નથી,
હું તમોને હંમેશની માફક અંતઃકરણ પૂર્વક સગાભાઇ
ાફકજ ચહાયા કરીશ, બીજી કાંઈ આશા છે!"

"તમે મારે સાસરે કાગળ લખો જો તમે લખશો તો મારા સસરા ભુખણુદાસ ખરૂં માનશે અને મારા પત્નીને મોકલશે કારણુકે એક વખત મેં એમને ખોટો પત્ર લખ્યો હતો, એટલે મ્હારૂં લખવું સાચું માનશે નહિ."

"ઘણીજ ખુશીથી"

એમ કહી છગનલાલે ખડીયો, કલમ, અને કાગળ લઈને શેઠના સસરા ઉપર પત્ર લખવા માંડયો.

શ્રી૧।

પરમ સ્નેહી મિત્ર વર્ય !

લી. છગનલાલના वंदेमातरम् રા. મગનલાલ ખરા અસહકારી બન્યાં છે. માટે આપને જો યોગ્ય લાગે તો અં. સૌ. બ્હેન મગળાગૌરીને અને રસિકને આવીને મૂકી જશો એજ. सुज्ञे किं बहुना.

લી૦ તમારા મિત્ર છગનલાલના

वंदेमातरम्

આ કાગળ ભુખણુદાસને પહોંચ્યો, અને તેણે તેની પુત્રીને પણ વંચાવ્યો, એટલે તેની પુત્રીએ કહ્યું.

"પિતાશ્રી હવે એ આં ચોકકસ અસહકારી બન્યાં છે કારણુકે મને વિશ્વાસ છે કે કારણુકે છગનલાલ કોઇપણ

દિવસ જુદું લખે નહિ. માટે કાલેજ અમને મુકી આવો."

"જરૂર, કાલે તને મૂકી આવીશ."

"હવે ભુખણદાસે ગાડી જોડાવી, અને જમાઇના ગ્રહપતિ પ્રયાણ કર્યું, અને બપોરના જમતી વેળા તેઓ હાજર થઇ ગયાં.

શેઠના સસરા, તેમની પત્ની અને પુત્ર ખુશ થયાં કે હવે શેઠ શુદ્ધ અસહકારી બન્યાં છે. આ ખબર વીજળી વેગે સમસ્ત શહેરમાં પ્રસરી ગઇ કે "મગનલાલ શેઠ અસહકારી બન્યા છે" લોકો પણ ઘણા ખુશ થયા અને સૌ શેઠને મળવા લાગ્યા, શેઠ પણ સૌને પ્રણામ કરતા હતા. આ દેખાવ દીલ પીગળાવનારો હતો આ સમયે તો જે હાજર રહ્યું હોય તેનેજ ખરો દેખાવ સમજાય!

મગનલાલના પત્ની, અને રસિક આવ્યાં છે, એમ જાણી અધ્યાપક છગનલાલ રસિકને ભણાવવા ગયા અને રોજ પ્રમાણે જવા માંડયું અને છગનલાલને શેઠે પગાર વધારી રૂ. ૫૦ આપવા ધાર્યો, પણ આતો સેવાની કિંમત થાય છે, એમ વિચારી છગનલાલે રૂપીયા લેવાની ના પાડી અને એતો મ્હેં મારૂં કર્તવ્ય બજાવ્યું છે એમ જણાવ્યું.

સુજ્ઞ વાંચક વર્ગ!

હવે મગનલાલ અને મંગળાગૌરીનો સંસાર અધિક સરળતાથી ચાલે છે. તેઓ સુખ ચેનમાં કાળ નિર્ગમન કરે છે.

મગનલાલ શેઠ હવે ચુસ્ત અસકારી બન્યાં છે. આખા શહેરમાં એમના અસહકાર થવાથી નવચેતન સ્ફુર્યું છે. આબાલવૃદ્ધ સર્વના મુખમાંથી આજ મગનલાલ શેઠની વાત નીકળે છે. સર્વત્ર એમની પત્ની મંગળાગૌરીના વખાણ થાય છે છગનલાલની કીર્તી પણ ઝળહળી ઉઠી છે.

વાંચક ! નિઃસ્વાર્થ સેવાભાવ રાખનારાનો વિજય થાય છે. પુસ્તક બંધ કરતાં પહેલાં નિઃસ્વાર્થ સેવાભાવ રાખવાની પ્રતિજ્ઞા કરી ઉચ્ચ સ્વરે માતૃભૂમિનું
ગાન,

ગા...............................કે

"જય મંગલ પ્રીય જન્મ ભૂમિનું ગજાવીયે"

ઇત્યોમ્.

વંદેમાતરમ્

સમાપ્ત.

અમુલ્ય લાભ!   અમુલ્ય લાભ!   અમુલ્ય લાભ!

ગોપાળ—દોસ્ત! તેં તારા બાળ બચ્ચાના ફાયદા માટે શું કર્યું!

શંકર—ના, મેં કંઇ કર્યું નથી, પણ આપણા ગામમાં એક વીમા કંપનીના એજન્ટ નીમાયા છે ખરા પણ એથી શું ફાયદો! એમાં શું હશે?

ગોપાળ—કેમ નહિ, વિમો બહુ ફાયદા કારક છે. આપણે એજન્ટને મળીશું. પણ તે કઈ જગ્યાએ છે!

શંકર—હા, આ રહયું શીરનામાનું કાગળ

લખો યા મળો.

હરેન્દ્રનાથ જયકૃષ્ણ ભટ્ટ એન્ડ કુ.

ઇન્ટસ્ટ્રીયલ એન્ડ પ્રુડેંશીયલ લાઇફ એસ્યુરન્સ કંપનિ લીમીટેડ

ના એજન્ટ

પારેખ મહોલ્લો.–**રાંદેર.**

સુરતમાં મીઠાઈ ખરીદવા કયાં જશો!

હમારે ત્યાં સરવે જાતની તાજી અને સ્વચ્છ મીઠાઈ હંમેશાં તૈયાર રહે છે.

નગીનદાસ ઘેલાભાઈ સુખડીઆ

બરાનપુરી ભાગળ–**સુરત.**

માટે એક વખત પધારી ખાત્રી કરો.

બીડીના અને પાનના વેપારી.

હમારે ત્યાં દરેક જાતની વગર ખારાની બીડી તથા બીજો પરચુરણ સામાન સસ્તે ભાવે મળસે. ઓર્ડરથી બીડીયો મોકલાવવામાં આવસે.

લખો યા મળો.

જમનાદાસ મોતીરામ પાનવાલા.

ઠે૦ બજારમાં—રાંદેર.

સાંજના ટીફીન કરવા માટે મુખ્ય સ્થળ કયું !

સુખ શાન્તિ હિંદુ હોટલ

હમારે ત્યાં ચાહ કાફી, મસાલાનું દુધ, સોડા-લેમન, તેમજ દરેક જાતની ખાવાની ચીજો હમેશાં તૈયાર મળશે. એક વખત પધારી ખાત્રી કરો.

મગનલાલ ગંગારામ.

ગલેમંડી—સુરત.

અમારે ત્યાં ઉન્હાળાની સીઝનમાં મલાઇનું આઇસક્રીમ તૈયાર રહે છે.

વળી આ નવાઇ ભરેલી વાત શું !

ॐ

થોડાજ વખતમાં બહાર પડશે.

☛ હાસ્યરસ સંવાદો

યાને

ટુચકા સંગ્રહ. ☚

આ પુસ્તક અતિ હાસ્યજનક અને સુંદર વાંચવા લાયક નીકળસે. માટે તાકીદે નામ નોંધાવો.

કીંમત ૦–૧૨–૦

પ્રથમથી ગ્રાહક થનારના નામ ચોપડીમાં આપવામાં આવસે. પ્રથમના ગ્રાહક થનારને ૦–૧૦–૦

લખો યા મળો.

જનાર્દન નરોત્તમરામ ભટ્ટ.

નિશાળ ફળીઉં–રાંદેર.

'સર્વોત્તમ સૂર્યબિંદુ'

જેવું નામ તેવુંજ કામ, કોલેરા, લકવા, તથા સંધીવા, નામરદી (નસનું ઢીલું પડવું) ટુટીચો તાવ ખાંસી વિચ્છુ એવા ઘણાં દરદો ઉપર ચમત્કારિક ફાયદો કરે છે માટે એક વખત વાપરી ખાત્રી કરવા નમ્ર વિનંતી છે.

શોધક તથા પ્રકાશક બી. એમ. પટેલ.

શીશી ૧ની કીંમત રૂા. ૧-૪-૦ } ઠે૦ સુર્યબિન્દુ ઓફીસ. રાંદેર—સુરત.

પોસ્ટેજ જુદું

દરાજ માટે દદ્રુનાસક મલમ વાપરો. કીં રૂ. ૦-૪-૦

સોધું ! સસ્તુ ! અને સારૂં !

ઘડીઆળ રીપેર કરવાનું મથક કર્યું ! એમ. કે. વશી.

ઠે. પારેખ ફળીઆ. રાંદેર. જી. સુરત.

હમારે ત્યાં નાનાં, મોટાં, સર્વે જાતના ઘડીયાળ ખાત્રી પુર્વક રીપેર કરવામાં આવે છે, તમજ મન પસંદ ઘડીયાળો મંગાવી આપવામાં આવે છે. માટે એક વખત પધારી ખાત્રી કરવા ચુકસો નહિ

જોઈએ છે.

હમારા તરફથી બહાર પડનાર ! હાસ્યરસ સંવાદો યાને ટુચકા સંગ્રહ નામની ચોપડીમાં જાહેર ખબર.

ભાવ માટે લખો યા મળો.

જર્નાદન નરોત્તમરામ ભટ્ટ.

નિશાળ ફળીઉં-રાંદેર.